 ISSN: 2349-6002

# શિક્ષણ સમાજ વ્યવસ્થા અને સામાજિક પરિવર્તન એક અધ્યયન

પ્રા.ડો. રાજેન્દ્રસિંહ વી મોરી.
*અધ્યક્ષ સમાજશાસ્ત્ર, કે.એમ.જી.બી. સરકારી વિનિયન કોલેજ, વલભીપુર*

http://doi.org/10.64643/IJIRTV12I8-190997-459

ભારતીય સમાજ વ્યવસ્થામાં પ્રાચીન સમયમાં શિક્ષણ માટે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા હતી ભારતમાં શિક્ષણ આપતી ચાર મહાન વિધાપીઠ હોવાથી તક્ષશિલા નાલંદા કાશી બનારસ અને વલભી વિધાપીઠ ઉત્તમ વિદ્વાનો અને ઉત્તમ શિક્ષણ હતું ચાર નું મહત્વ અનન્ય હતું. જેમ કે સંક્રાંતિ ચાર યુગ ચાર વર્ણઝાર દિશા ચાર વેદ-ચાર બધા જ નું જ્ઞાન આપણી પાસે હતું જ્ઞાન મૂળભૂત રીતે ચક્ષુ છે અજ્ઞાન અંધકાર છે એટલે જ વિધા વગરનો માનવી પશુ સમાન છે પ્રાચીન સમયમાં આ વિધાપીઠો માં વિશ્વના અન્ય દેશના લોકો જ્ઞાન પ્રાપ્તિના હેતુ માટે ભારતમાં આવતા હતા શિક્ષણના મૂળ તપાસીએ તો સ્વયં સંચાલિત યંત્રો શોધ્યા રામાયણ મહાભારત ના સમયમાં પુષ્પક વિમાન ની સંકલ્પના આપણને જ્ઞાનના સંદર્ભમાં ચિંતિત કરે છે જ્ઞાન વસ્તુઓ આપણી સંસ્કૃતિમાં વર્ષોથી છે એ પછી યુદ્ધ સંબંધિત જ્ઞાન રાજ્ય સંચાલન સંબંધિત જ્ઞાન આરોગ્ય સંબંધિત જ્ઞાન આજે પણ લોકો આર્યુવેદિક જ્ઞાન તરફ વળ્યા છે એ સમયે ચરક સંહિતા ટૂંકમાં પ્રાચીન સમયમાં શિક્ષણ ની મહત્તા ઉત્તમ પ્રકારની હતી નિરક્ષરતા એ અંધકાર સમાન છે આ વાક્ય માનવ સમાજમાં શિક્ષણનું મહત્વ દર્શાવે છે શિક્ષણ માનવીને નવી દ્રષ્ટિ આપે છે ટૂંકમાં પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષણનો દબદબો હતો. દેશાટન ફી લોકો શિક્ષણ અર્થે ભારત પરિભ્રમણ કરતા હતા વિધાને ગુપ્ત ધન માનવામાં આવતું હતું જેનો ઉપયોગ કરવાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે પ્રાચીન સમયમાં ભારતમાં જુદા જુદા રાજ્યમાં રાજાઓ વિદ્વાનો અને શિક્ષણકારોની પૂજા કરતા હતા રાજ્યમાં રાજા કરતા પણ શિક્ષણવિદો વિદ્વાન અને બુદ્ધિમત્તા ધરાવનારા વ્યક્તિ નું મહત્વ વધારે હતું. કારણ કે રાજા રાજ્યના મહત્વના નિર્ણયો લેતી વખતે આ વિદ્વાનોની સલાહ સુચન અને માર્ગદર્શન લેતા હતા તેમજ નીતિવિષયક નિર્ણયોમાં આ વિદ્વાનો ની સલાહ ને મહત્વ આપવામાં આવતું હતુંઅને રાજ્યના રાજકુવરોને પણ તાલીમ વિજ્ઞાન ઋષિ આશ્રમમાં જઈ ને લેવું પડતું હતું ત્યાં જે તે સમયે સમયની માંગ પ્રમાણે રાજકુમરોને પરિસ્થિતિ સંબંધીત તાલીમ ની શિક્ષણ અને જ્ઞાન આપવામાં આવતું હતું તેની પરીક્ષાઓ લેવામાં આવતી હતી અને ગુરુ ઇચ્છિત સમયે તેની દક્ષિણાઓ પણ લેતા હતા. ટૂંકમાં માનવીની સર્જનાત્મક શક્તિ નું ઉદય શિક્ષણ સંસ્થા અને ગુરુ દ્વારા શક્ય બને છે સાથે જ માનવ જરૂરિયાતોની પૂર્તતામાં પણ શિક્ષણની મહત્વની ભૂમિકા છે સમાજ વ્યવસ્થા ના સાતત્યમાં પણ શિક્ષણ સમાજ ઈચ્છિત વ્યવસ્થા નો સાતત્ય જાળવે તેવા લાયક વ્યક્તિઓ પૂરા પાડે છે સાથે જ સમય સંજોગો અને સામાજિક પરિસ્થિતિ સતત બદલાયા કરે છે તેમ સમાજમાં સામાજિક પરિવર્તનનું માધ્યમ પણ શિક્ષણ છે શિક્ષણ કે સમાજના ખોટા ખ્યાલો રૂઢિઓ કુપ્રથાઓ હું રિવાજો થી શિક્ષણના કારણે સમાજના જ્ઞાની બૌદ્ધિક લોકો જ્ઞાત થાય છે અને એટલે જ સમાજમાં આવા ખોટા ખ્યાલો થી સમાજ પરિવર્તિત થાય છે એટલે જ દરેક સમયે શિક્ષણ સમાજને અગત્યની જરૂરિયાત રહે છે બદલાતા સમય સાથે શિક્ષણની શાખાઓ પ્રત્યે ની ઋચિઓમાં પણ ફેરફાર આવે છે ટૂંક માં પ્રાચીન યુગ કે સમય સુવર્ણયુગ કે ઉત્તમ યુગ તરીકે ઓળખવામાં આવે છે સમાજનું વ્યવસ્થાપન શિક્ષણના કારણે સુવ્યવસ્થિત રીતે ચાલતું હતું સમાજ ઇચ્છિત અને લાયક વ્યક્તિ શિક્ષણના કારણે પૂરા પડી રહેતા હતા પરંતુ મધ્યયુગ એટલે અંધકાર યુગ જેમાં બ્રાહ્મણોએ ધર્મ અને સંકુચિત કરી નાખ્યો ધાર્મિક પરિવર્તન શક્ય છે પરંતુ જ્ઞાતિ ના ઝડ નિયમો અને અર્પિત દરજ્જા નુ મહત્વ માન સન્માન પ્રતિષ્ઠા અધિકારો સત્તા બધું જ તેની સાથે સંકળાયેલું હતું ખાસ કરીને વર્ણ વ્યવસ્થા માંથી જ્ઞાતિ પ્રથા આવી ચાર વર્ણોમાંથી 3000 ઉપરાંત જ્ઞાતિ થઈ આ બધાની પેટા જ્ઞાતિ અને તેમાં પણ તમામ જ્ઞાતિઓની રક્ષણની જવાબદારી માત્ર એક ક્ષત્રિયની થોડી હોઈ શકે સ્વરક્ષણ માટે દરેકે તાલીમ જરૂરી છે રંગતાળી આશ્રમ ખીજાય છે હથિયાર

 ISSN: 2349-6002

ઉપાડવાની ના પાડો એ વ્યાજબી નથી ટૂંકમાં મધ્યયુગમાં એકતાના અભાવની સ્થિતિ ભારતમાં સર્જાય છે એટલે જુદી જુદી પ્રજાઓ અને અંગ્રેજો ભારતમાં સૌપ્રથમ વેપાર અર્થે આવે છે અને અહીંની નબળાઈ જાણીને પછી અનુશાસન શરૂ કરે છે અંગ્રેજ અમલ બાદ આપણે ત્યાં શિક્ષણ પ્રથા શરૂ થઈ આપણામાંથી ઉચ્ચ શિક્ષણ લેવા માટે ભારતના ઘણા વિદ્વાનો ઇંગ્લેન્ડ ગયા જેમાં ખાસ કરીને ગાંધીજી બાબાસાહેબ આંબેડકર રાજારામ મોહન રાય એમણે ઇંગ્લેન્ડમાં શિક્ષણ મેળવવું અને સામાજિક ન્યાય ના સંદર્ભમાં અત્યારના સંદર્ભમાં તે જ્ઞાત થયા ભારત આવી અને એમને એવું લાગ્યું આ અંગ્રેજો આપણા પર ત્રાસ અત્યાચાર જુલમ ગુજારે છે એટલે અંગ્રેજો આપણા માટે દૂષણ છે અને તે સમયે દૂષણ ના વિરુદ્ધમાં તેમજ સવિનય કાનૂનભંગ ની શરૂઆત સ્વતંત્રતાની લડત માટે કામ કરતા લોકોએ કરી સાથે જ સમાજ સુધારણા ની શરૂઆત જેમાં ખાસ કરીને બ્રહ્મ સમાજ પ્રાર્થના સમાજ આર્ય સમાજ ગાંધીજી આ બધાએ સમાજ સુધારક પ્રવૃત્તિ શરૂ કરી સમાજ સુધારણા ની શરૂઆત 1822 થી 1828 માં ખાસ કરીને જો જોઈએ તો બાળ લગ્ન પ્રતિબંધ વિધવા પુનઃલગ્ન પ્રતિબંધ બંધ કર્યો સતીપ્રથા નાબૂદી જ્ઞાતિની અસમાનતા નિવારવા માટે કાયદો શરૂ કર્યો

આ સમયે પશ્ચિમ વાળા ના મૂલ્યો શિક્ષણ પ્રથામાં આવ્યા હાલની શિક્ષણની પણ કેટલીક મર્યાદાઓ રહી છે સ્થાનિક કક્ષાએ ઉચ્ચ શિક્ષણ અને પ્રોત્સાહન આપવું જોઈએ જે શિક્ષણનો અભાવ હોવાના કારણે સાંપ્રત સમયમાં પણ ઉચ્ચ શિક્ષણ માટે ક્વોલિટી વાળી ઇન્સ્ટિટયૂટ આઉટ ઓફ કન્ટ્રીમાં જઈને ભારતીય વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે તેવી જ રીતે તબીબી શિક્ષણ ઇચ્છિત લોકોને ના મળવાના કારણે પણ આઉટ ઓફ કન્ટ્રીમાં જઈને શિક્ષણ મેળવવું પડે છે ટૂંકમાં અગાઉના સમયમાં ઉચ્ચ શિક્ષણનો અભાવ હતો 1885 માં અંગ્રેજોના સમયમાં શિક્ષણનું પ્રમાણ જો જોઈએ તો ગુજરાત મહારાષ્ટ્રમાં માત્ર એક મુંબઈ યુનિવર્સિટી જ હતી અને તેમાં પણ તેની સાથે શામળદાસ જોઈન્ટ થઇ અને કોલેજની શરૂઆત થઈ તે સમયે કોલેજના પ્રથમ પ્રિન્સિપાલ લંડન થી શામળદાસ આવ્યા હતા અને તેનો પગાર તેની કરન્સી પ્રમાણે આપવામાં આવતો હતો ગાંધીજી પણ શામળદાસ કોલેજના એક વિદ્યાર્થી હતા તે સમયે શિક્ષણ માટે ઈચ્છુક વ્યક્તિઓ માટે સ્કોલરશીપ આપવામાં આવતી હતી અને તેનું ઉચ્ચ પ્રમાણ હતું. આ સ્કોલરશીપ રાજા મહારાજા તરફથી આપવામાં આવતી હતી અને આવા ઉચ્ચ જ્ઞાની નીપુણ વિદ્યાર્થીનો તમામ ખર્ચ રાજાઓ તરફથી આપવામાં આવતો હતો તે સમયે પણ મારી પ્રજાનું કલ્યાણ થાય મારી પ્રજા સુખી થાય એવું ભાવનગર રાજ્યનું સૂત્ર હતું અને સ્વતંત્રતા બાદ લોકશાહીના મૂલ્યો ની વાત આવે ત્યારે પણ પ્રથમ રાજ્ય અર્પણ કરનાર ભાવનગરના રાજા હતા આ સમય દરમિયાન સમાજ સુધારણા ની શરૂઆત જેટલા સુધારકો છે તેમણે સમાજમાં જઈને સમાજની બદીઓ જોઈ બદીઓ ને દૂર કરવાનું કાર્ય કર્યું અને તેમાં દૂર કરવામાં શિક્ષણ સંસ્થાની મહત્વની ભૂમિકા છે જે જોઈએ તો

## <u>શિક્ષણ દ્વારા સમાજસુધારણા અને સામાજિક પરિવર્તન</u>

શિક્ષણ સામાજિક સુધારણા માટેનું ઉત્તમ સાધન છે શિક્ષણથી વૈચારિક પરિવર્તન શક્ય છે શિક્ષણથી જીવનની સામાજિક આર્થિક વ્યવસાયિક ધાર્મિક સાંસ્કૃતિક પરિસ્થિતિ ની સમજ મળી શકે છે પોતાની જે તે જીવન સ્થિતિ છે તેમાં કેવી રીતે સુધાર કરી શકાય તેમજ પોતાના જીવન સુધારણા માટેના કયા કયા ઉપાયો થી જીવનની સ્થિતિમાં સુધારો શક્ય છે સ્વ પ્રયત્નો તેમજ સરકાર અને સરકારી યોજનાઓ દ્વારા પોતાના પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેનું જ્ઞાન શિક્ષણ દ્વારા થાય છે આ ઉપરાંત શિક્ષણ દ્વારા સામાજિક કાનૂનીકરણ શિક્ષણના કારણે માનવી કાયદાથી નીતિ નિયમોથી વિદીત થાય છે તેમજ સમાજની જે તે પરિસ્થિતિ નું મૂલ્યાંકન અને પરિસ્થિતિના સુધાર માટે કયા પ્રકારની નીતિ કયા પ્રકારના કાનૂન ની જરૂરિયાત છે તેની સમજ શિક્ષણના કારણે મળે છે તે પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય છે જેનાથી વિદ્યાર્થીઓ માહિતગાર બને છે જ્ઞાન મેળવે છે અને સમાજ ને ઇચ્છિત દિશામાં પરિવર્તન લાવવા માટે બનાવેલા સામાજિક કાનૂન ને સુવ્યવસ્થિત રીતે સમજે છે સાથે જ કાયદાનું પાલન કરે છે ખાસ કરીને સમાજશાસ્ત્ર વિષયમાં માનવ સમાજના જુદા જુદા પાસા ને લઈને સંશોધનો હાથ ધરાય છે સંશોધનના અંતે નવોન્મેષ નવા જ્ઞાનનું સર્જન થાય છે સમાજશાસ્ત્રીઓ દ્વારા ભારતમાં સમાજ જીવનની તાસિર અને તસવીર ના દર્શન થાય છે અને ભારતમાં વ્યવહાર લક્ષી શિક્ષણની શરૂઆત પ્રથમ સમાજ કાર્યથી થઈ થીયરી બાદમાં આવે છે શિક્ષણનો પ્રભાવ અસરો શિક્ષિત સમાજમાં વ્યાપક પ્રમાણમાં થાય છે સાંપ્રત સમયમાં નાણાકીય વ્યવહાર ની આપલેમાં ટેકનોલોજી નો મહત્તમ પ્રમાણમાં ઉપયોગ થાય છે વ્યક્તિ બેંક ની જગ્યાએ એટીએમ થી નાણાંની આપ લે કરતા થયા છે શિક્ષણમાં પણ ઓનલાઇન શિક્ષણ મેળવતા થયા છે

 ISSN: 2349-6002

ખાસ કરીને વિધાર્થીને અનુલક્ષીને કેટલાક તાલીમી ક્લાસ ઓનલાઈન શરૂ થયા છે એવી જ રીતે મેડિકલ સ્ટુડન્ટને ભણાવવા વાળા પ્રોફેસરોની ઓનલાઈન સાઇટ રાખવી પડે છે જે અઠવાડિયાના અમુક દિવસો અને કલાકો ઓનલાઇન ભણે છે અને એના કારણે તેમાં શિક્ષિત દેશી ડિસિપ્લિન ઉભી થાય છે શિક્ષણની ત્રણેય શાખાઓમાં વિધાર્થીની માનસિકતા નું સ્તરનું જોઈએ તો

શિક્ષણ ની ત્રણ શાખાઓ સાયન્સ કોમર્સ અને આર્ટસ તેમાં શિક્ષણ પ્રત્યે નો ગ્રોથ સાયન્સ માં મહત્તમ પ્રમાણ માં જોવા મળે છે તેનાથી ઉતરતા ક્રમમાં કોમર્સનો અને આર્ટસ વાળા વિધાર્થીઓમાં શિક્ષણની ગુણવત્તાનો અને શિક્ષણ પ્રત્યેની ધગસ નો ગ્રોથ નહીવત પ્રમાણ માં જોવા મળે છે આ શિક્ષણમાં શિક્ષણની ગુણવત્તા નો કોટીક્રમ જોઇ શકાય છે તેવી જ રીતે શિક્ષણમાં પ્રાઇવેટાઇઝેશન શરૂ થયું છે સરકારી ગ્રાન્ટ એડ કોલેજ અને પ્રાઇવેટ કોલેજ કે ખાનગી કોલેજ મા શિક્ષણ મેળવનાર વિધાર્થીની સંખ્યામાં મહત્તમ પ્રમાણમાં વધારો થતો જાય છે સાંપ્રત સમયમાં વિધાર્થી ના બહુવિધ વિકાસમાં ઉંચી ફીઝ લઈને પ્રાઇવેટ કોલેજો મહત્તમ પ્રમાણમાં રસ લેશે તેથી પ્રાઇવેટ કોલેજ પ્રત્યેનું આકર્ષણ મહત્તમ પ્રમાણમાં વધતું જાય છે આવી પ્રાઇવેટ કોલેજો યંત્ર વિજ્ઞાનનું જ્ઞાન સ્પોર્ટ નું જ્ઞાન કલા કૌશલ્યનું જ્ઞાન મનોરંજન નું જ્ઞાન એવા જુદા જુદા પ્રકારના જ્ઞાનમાં વિધાર્થીને નિપુણ બનાવે છે તેના કારણે સાંપ્રત સમયમાં સમાજમાં શિક્ષણ માં પ્રાઇવેટાઇઝેશન વધતું ચાલ્યું છે ધણી સંસ્થાઓ રિઝલ્ટ ના કારણે ઓળખાય છે ધણી સંસ્થા સંશોધન નાં કારણે પરિચય માં આવી છે ધણી એ વસ્તુ પર પોતાનું પ્રાઈવેટાઇઝેશન મેળવ્યું છે દા.ત.દુધ સિમ્પલ વસ્તુ છે દૂધ અંગેનું નવું જ્ઞાન અમૂલ પાસે આવ્યું અમૂલ્ય મિલ્કમાંથી અનેક વસ્તુઓ બહાર પાડી આ ઉપરાંત દૂધ સાથે જોડીને અનેક પ્રોડકટ બહાર પાડ્યું જેમ કે અમુલ અને કોલ્ડ્રિંક્સ અમુલ અને મીઠાઇ અમૂલ ની ફ્લેવર સાથેના લોટ અમુલ અને ચોકલેટ અમૂલ અને પેન અમુલ અને અન્યત્ર પ્રોડકટ નું ઉત્પાદન કર્યું એટલે શિક્ષણના કારણે અમૂલની માર્કેટ વેલ્યુ સોસાયટી ઉપર મહત્તમ પ્રમાણમાં પ્રભાવી બની તેવી જ રીતે સમાજમાં સામાજિક પરિસ્થિતિ સંબંધીત જ્ઞાન નવી સમસ્યા સંબંધીત જ્ઞાન નવું પરિવર્તન અને તે સંબંધિત જ્ઞાન પ્રત્યાયનનું જ્ઞાન વ્યવસ્થા ના ટકાવનું જ્ઞાન સૌથી પહેલા વિશ્વમાં ધાતુની શોધ થઈ અને ધાતુમાં પણ સૌથી પહેલા કાંસાની શોધ થઈ અને કાંસાના વાસણો આજે સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ ધાતુમાં કાંસુ છે યંત્ર વિજ્ઞાન ટેકનોલોજી નો મહત્તમ પ્રમાણમાં સમાજમાં ઉપયોગ થતો જાય છે અને નવા નવા પરિવર્તનો આવતા જાય છે સાંપ્રત સમયમાં લોકો google મેપ થી રોડ રસ્તા પરિવહન સેવા માં માર્ગદર્શન મેળવીને ટ્રાવેલિંગ કરતા થયા છે ભવિષ્યમાં ભારતમાં ડ્રાઇવરલેસ યુગ શરૂ થશે ડ્રાઇવર વિનાનું વાહન ટ્રેન કાર શરૂ થશે તે માત્ર સેન્સર ના આધારે ડ્રાઇવિંગ કરશે કોઈ વસ્તુ આગળ આવશે તો તે વાહન રોકાશે તેવા સેન્સર વાહનમાં મુકાશે ટૂંકમાં શિક્ષણના કારણે આ શક્ય બનશે સાંપ્રત સમયમાં ભારતમાં એક યાન છોડ્યું જે યાનના કારણે ટાવરલેસ બની જશે અલબત્ત હવે મોબાઈલ ને ટાવર ની જરૂરિયાત નહીં રહે સાંપ્રત સમયમાં ફૂડ પ્રોસેસ થી નોલેજ પ્રોસેસ શિક્ષણના કારણે શક્ય બને છે

સમયે સમયે સમાજની માંગ પ્રમાણે શિક્ષણમાં પણ પરિવર્તન લાવવું પડે જેથી જ નવી સ્થિતિનો સર્જન થઈ શકે સમાજશાસ્ત્રના સંદર્ભમાં વાત કરીએ તો 1834 માં ઓગસ્ટ કોમ્ટે સૌપ્રથમ સામાજિક ભૌતિકશાસ્ત્ર એવા શબ્દનો પ્રયોગ કર્યો હતો. ત્યારબાદ 1838 માં સમાજશાસ્ત્ર શબ્દનો પ્રયોગ કર્યો સામાજિક ભૌતિકશાસ્ત્ર એટલે બે વિષય શાખાને જોડવાનું કામ એટલે સમાજશાસ્ત્ર અને ભૌતિક શાસ્ત્ર ના સંયોજન નું કાર્ય સાંપ્રત સમયમાં સંશોધનો વિશ્વ વ્યાપ દિન પ્રતિદિન વધતો ચાલ્યો છે મોબાઇલ થી ઘડિયાળમાં મોબાઈલ આવે ચશ્મામાં મોબાઈલ આવી જશે પછી ચશ્મા પછી મા એટીએમ કાર્ડ આવી જશે ઘરમાં કઈ વનસ્પતિ વાયુ જે સ્વાસ્થ્યવર્ધક હોય ભવિષ્યના ડોકટરને શરીરનું બધું જ્ઞાન હશે આમ તો ભૂતકાળ અને ભવિષ્યકાળ ને આંતરિક સંયોજન હોય તેવું જોવા મળે છે ભૂતકાળમાં બધા વિષયો ભેગા હતા અને ગુરુ આ બધું શીખવતા હતા. ભવિષ્યમાં પણ બધા વિષયો ભેગા થઈ જશે અને એકબીજાનો પ્રભાવ થી એકબીજા વિષયના ના આંતર સંબંધો ઊભા થશે

## <u>ઉચ્ચ શિક્ષણ ની નબળાઈ કે મર્યાદાઓ</u>

ઉચ્ચ શિક્ષણથી યંત્ર વિજ્ઞાન ટેકનોલોજી ના ક્ષેત્રમાં અમુલ પરિવર્તન આવ્યું છે કાર્યાત્મક વ્યવસ્થા ઉપર પ્રભાવ જોઈ શકાય છે ટૂંકમાં ઉચ્ચ શિક્ષણ ના કેટલાક હકારાત્મક પરિણામો સમાજમાં જોઇ શકાય છે અલબત્ત વૈજ્ઞાનિક ના કેટલાક પોઝિટિવ પરિણામો મળ્યા છે જે સમાજ માટે ઉપયોગી ગણાવી શકાય પરંતુ ઉચ્ચ શિક્ષણના કારણે સંશોધનોના કારણે કેટલાક દુષ્પ પરિણામ મળ્યા છે કેટલાક ખરાબ પરિણામો સમાજ વ્યવસ્થા માટે નુકસાન કરતા રહ્યા છે જે તેને ઉચ્ચ શિક્ષણની નબળાઈ કે મર્યાદા ગણાવી શકાય જે જોઈએ તો

1. સમાજમાં સાયબર ક્રાઇમ વધશે અને વિસ્તરશે છે
2. સમાજમાં ઠગાઇ અને છેતરપિંડીના કેસ વધશે
3. સમાજમાં કૌટુંબિક ઝઘડા નું પ્રમાણ વધશે
4. માણસ સામાજિક મટીને યાંત્રિક માનવ બનતો જાય છે
5. સમાજ માં કુટુંબના સભ્યો વચ્ચે સંયુક્તતા ઘટતી જાય છે.
6. સમાજમાં લોકો વચ્ચે કામ પૂરતા કે જરૂરિયાત પૂરતા સંબંધોનું પ્રમાણ વધતું જાય છે કાયમી સંબંધો ઘટતા જાય છે એમ.
7. કુટુંબમાં દરેક સભ્યો વચ્ચે સંયોજન ઘટતું જાય છે અને અમે પણ આની ભાવના ઘટતી જાય છે
8. સમાજમાં યંત્રો દ્વારા આંતરક્રિયા અને પ્રત્યાયન વચ્ચે તેથી ઔપચારિકતા વધશે અને અનૌપચારિકતા કે અનૌપચારિક સંબંધો ઘટશે
9. સમાજમાં છુટાછેડા નું પ્રમાણ વધશે
10. સમાજમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા ના કારણે લુટેરી દુલ્હન જેવા પ્રસંગો નું પ્રમાણ વધશે
11. દેશમાં અણુ શસ્ત્રોનું પ્રમાણ વધશે આંતરરાષ્ટ્રીય યુદ્ધોનું પ્રમાણ પણ વધશે
12. યુદ્ધ લડવા માટે સૈનિક માઇનસ ડિગ્રીમાં રહી શકે તે માટેની વ્યવસ્થાઓ શક્ય બનશે
13. સમાજમાં સામાજિક સંઘર્ષ વધશે સામુદાયિક સંઘર્ષ જ્ઞાતિગત સંઘર્ષ ધાર્મિક સંઘર્ષ પક્ષિયરાજકારણનો સંઘર્ષ વધશે બદલાતા સમય સાથે સામાજિક સંઘર્ષ નવી શાખા નો ઉદ્ભવ વિકાસ થશે
14. સમાજમાં બનાવટ છેતરપિંડી ભેળસેળ ખોટું કરવાનું પ્રમાણ વધતું રહેશે
15. ટેકનિકલ ક્ષતિઓના કારણે મોટા અકસ્માતોનું પ્રમાણ વધશે જેમ કે વિમાન ક્રેશ બુલેટ પ્રુફ ટ્રેન નો અકસ્માત જેના કારણે જાનહાનિ નું પ્રમાણ વધશે
16. સમાજમાં નવા નવા શારીરિક રોગો ઉત્પન્ન થશે જે અંગે કોઈ સંશોધન ન થયું હોય કોઈ દવા ન શોધાણી હોય જેના કારણે રોગીષઠો નું પ્રમાણ વધશે અને મોટા પ્રમાણમાં મૃત્યુઆંક વધશે

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સામાજિક નિસબત

શિક્ષણનું મૂળભૂત કાર્ય જ્ઞાન સર્જનનું છે પ્રાચીન સમયમાં શિક્ષણ સંસ્થાઓની સમાજમાં મહત્વની કામગીરી હતી વિધા અને ગુપ્ત ધન તરીકે ઓળખવામાં આવતું હતું. રાજાઓ પણ પોતાના રાજકુવરને નીપુણ બનાવવા માટે તાલીમ લેવા માટે ઋષિ આશ્રમમાં મોકલતા હતા અને ઋષિઓ કે ગુરુઓ ભવિષ્યના સમયને ધ્યાનમાં રાખીને તેના શિષ્યોને સર્વાંગી તાલીમ આપતા હતા અને તાલીમના અંતે તેની પરીક્ષા પણ લેવામાં આવતી ગુરુદક્ષિણા પણ મગાતી તેવી જ રીતે રાજ્યો પોતાના અનુસાસનમાં વિદ્વાનો પંડિતો શિક્ષણ વિદો ની પૂજા કરતા હતા પોતાના રાજ્યના મહત્વના અને નીતિવિષયક નિર્ણયોમાં વિદ્વાન તજજ્ઞ પંડિત ની સલાહ સુચન અને માર્ગદર્શન લેતા હતા રાજા નિર્ણયની પ્રક્રિયામાં વિદ્વાનોની સહભાગીતા લેતા હતા તેવી જ રીતે સમયની માંગ પ્રમાણે રાજકુમારોને રાજ્યનું અને યુદ્ધનો તેમજ તાલીમ વિજ્ઞાન આપવામાં આવતું હતું પ્રાચીન યુગના અંત બાદ વર્ણવ્યવસ્થા માંથી જ્ઞાતિ નો ઉદ્ભવ વિકાસ થયો જ્ઞાતિના આનુવંશિક હક શિક્ષણમાં બ્રાહ્મણો અને અન્ય પ્રભાવી જ્ઞાતિ પૂરતા મર્યાદિત રહ્યા સાથે ઉચ્ચ શિક્ષણના લાભ ધનિક ઉચ્ચ વર્ગ સમાજ સુધારા સામાજિક ચળવળ કાર અને વ્યાપારી વર્ગને આઝાદીની લડત દરમિયાન મળ્યા તે સમયે શિક્ષણથી અમલદારો ઊભા થયા મધ્ય યુગમાં શિક્ષણની દુર્દશા રહી શિક્ષણની અસમાનતા સામે તે આંગળી છે સ્વતંત્રતા બાદ ભારતમાં અનેક ઉચ્ચ શિક્ષણ કમિશનની સમયાંતરે સ્થાપના થઈ આ કમિશનનો એ અનેક મહત્વની ભલામણો શિક્ષણ માટેની કરી તેના પરિણામ સ્વરૂપે શિક્ષણનો ગુણાત્મક અને સંખ્યાત્મક વિકાસ થયો આઝાદીના આટલા વર્ષ બાદ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ક્રમશ વિકાસ થતો ગયો ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષણની ત્રણેય શાખા સાયન્સ કોમર્સ અને આર્ટસ તેમજ ટેકનીકલ શિક્ષણની અને વ્યવસાયિક શિક્ષણની કોલેજોની સંખ્યા ઉત્તરોત્તર વધતી ચાલી સાથે જ દરેક દરેક કોલેજમાં વિધાર્થીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થયો તેમજ વિષયની માર્કેટ વેલ્યુ અને ગુણવત્તા ના સંદર્ભમાં જે તે વિષયમાં વિધાર્થીની સંખ્યા વધી આમ શિક્ષણ ના ફળ સમાજના દરેક ક્ષેત્રના સમુદાયના જ્ઞાતિના વર્ગના વિધાર્થીઓને મળતા થયા શિક્ષણનું કામ ફક્ત શિક્ષણ આપવા પૂરતું મર્યાદિત ન રહ્યું પરંતુ બદલાતા પરિઘમાં શિક્ષણની સામાજિક જવાબદારીઓ પણ વધતી ચાલી શિક્ષણ માં સંશોધન નો વિશ્વ વ્યાપ વધતો ચાલ્યો અને તેના કારણે એક વિષયની નવી અનેક શાખાઓનો ઉદ્ભવ વિકાસ થયો જેમ કે પર્યાવરણનુ કાયદાનું નીતિનું કલ્યાણનું વિકાસનું સમસ્યાઓનું સમુદાયનું લૈંગિકતા નું વસ્તીનું ધર્મનું અર્થવ્યવસ્થાનું ભાષાનું સિદ્ધાંતનું સંશોધનનું જેવા અનેક પેટા પેપરો સંશોધન અને લેખન

 ISSN: 2349-6002

કાર્યના અંતે આગળ વધે છે શિક્ષણની ઈચ્છા હંમેશા સમાજ અને રાષ્ટ્ર માટે હોય છે ઉચ્ચ શિક્ષણ સંસ્થા સમાજના પ્રશ્નો સમસ્યાઓ નું સમાધાન થાય તે તરફના ઉપાયો શોધે છે સમાજની સુખાકારી કેમ વધારી શકાય તે દિશામાં ઊન્નત પ્રયત્ન કરે છે સાથોસાથ છે તેના કરતાં પણ વધુ સારી અને ઉત્તમ જિંદગી કે જીવન માટે શું કરી શકાય તે દિશામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થા સતત એક્ટિવ અને પ્રયત્નશીલ રહે છે આ પૈકીની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સામાજિક જવાબદારીઓ કેટલીક જોઈએ તો ઉચ્ચ શિક્ષણ સંસ્થા સમાજમાં રહેલા સામાજિક ભેદભાવો કેવી રીતે દૂર કરી શકાય તેમજ સામાજિક અંતરમાં ઘટાડો કરવા માટે શું કરી શકાય તે સંદર્ભમાં હંમેશા કાર્યરત હોય છે સાથે જ રાષ્ટ્રીય એકતા વધારવા માટે શું કરવું જોઈએ તેમજ સમાજમાં અર્પિત દરજાની જગ્યાએ પ્રાપ્ત દરજજા નુ મહત્વ લોકોને સમજાવે છે અને લોકોને પ્રયત્નશીલ કરે છે ખાસ કરીને ખાસ કરીને સમાજમાં જે જ્ઞાતિ આધારિત મૂલ્યો છે અને પરંપરાગત મૂલ્ય છે ઉચ્ચનના ભેદભાવ છે તે દૂર કરવા માટે શિક્ષણ ઉત્તમ અને આદર્શ સાધન છે શિક્ષણ માટે સમાજમાં નબળા પછાત ગરીબ વંચિત વર્ગના લોકોને પ્રોત્સાહિત કરે છે કલ્યાણ રાષ્ટ્ર તરીકે સરકારને પણ શિક્ષણ સંબંધીત શિષ્યવૃત્તિ ફી માથી જેવી બાબતો અંગે સરકારને કટિબધ્ધ કરે છે અને તેના કારણે સમાજમાં સામાજિક લૈંગિક તફાવતોનું પ્રમાણ ઘટે છે સાથે જ સ્ત્રી પ્રત્યેના પરંપરાગત દ્રષ્ટિ કોણ માં પણ શિક્ષણના કારણે પરિવર્તન આવે છે શિક્ષણના કારણે નારી જગતના સ્થાનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે સ્ત્રી રસોડાથી માંડી અને રાજનીતિ સુધી પહોંચી છે આંગણાથી માંડીને અવકાશયાન સુધી પહોંચી છે આજે જીવનના દરેક ક્ષેત્રમાં એક એક્ટિવ મહિલા તરીકે સ્ત્રીની ભૂમિકા આપણે જોઈ શકીએ છીએ ટૂંકમાં શિક્ષણ સામાજિક ભેદભાવ સામાજિક અંતર તેવી જ રીતે કેટલાક જળ ખ્યાલો ને દૂર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે શિક્ષણ લઈને વ્યક્તિ પોતાના પરંપરાગત સ્થાનને અને ભૂમિકાને સુવ્યવસ્થિત રીતે બદલી શકે છે ટૂંકમાં શિક્ષણ એ સમાજ સુધારણા નું સામાજિક અસમાનતા દૂર કરવાનું મહત્વનું માધ્યમ છે અને શિક્ષણ સંસ્થાની આ જવાબદારીના કારણે સમાજની સુખાકારી ઉત્તરોત્તર વધે છે.

શિક્ષણ સમુદાયની શક્તિઓને પણ માર્ગીકૃત કરે છે કોઈપણ વ્યક્તિ હોય જૂથ હોય સમુદાય હોય સંગઠન હોય દરેકમાં વિપુલ પ્રમાણમાં ક્ષમતા અને શક્તિ રહેલી છે અને આ શક્તિ ને હકારાત્મક દિશા તરફ વાળવાનું કામ શિક્ષણ સંસ્થા કરે છે શિક્ષણ સંસ્થા સમાજમાં ખોટા ખ્યાલો દૂર કરે છે માનવ સમાજમાં જાગૃતિ લાવવાનું ઉત્તમ માધ્યમ શિક્ષણ છે શિક્ષણથી નકારાત્મક વિચારો દૂર થાય છે અને હકારાત્મક કે પોઝિટિવ વિચારધારા તરફ સમુદાય ના લોકો વળે છે ખાસ કરીને શિક્ષણ જ વ્યક્તિના રોગીષ્ટ વિચારો નું બ્રેઇન વોશ કરે છે અને તેના કારણે માણસના ઝાડ વલણો નેગેટિવ માનસિકતા તૂટે છે શિક્ષણના કારણે વ્યક્તિ સત્ય રસ્તા તરફ ડ્રાઇવેટ થાય છે શિક્ષણથી વ્યક્તિ દેશ અને દુનિયાની સત્ય માહિતીથી માહિતગાર થયો છે અને તેના કારણે જ તે પોતાના જ્ઞાનનો વ્યવહારિક જીવનમાં પણ ઉપયોગ કરતો થયો છે ખાસ કરીને શોષણ મુક્ત બન્યો છે કાળા બજાર ભ્રષ્ટાચાર અને વ્યાજખોરોના વ્યાજમાંથી મુક્ત બનીને પ્રવૃત્તિ બન્યો છે કાયદાકીય જ્ઞાન ના કારણે ખાસ કરીને કોઈ ગેર રીતે પૈસા માગે તો વિરોધ કરતો થયો છે અને સાચી બજાર કિંમત જાણતો થયો છે ટૂંકમાં શિક્ષણ સમુદાય માટે હોકાયંત્ર અને દિવાદાંડી સમાન છે એટલે જ કહેવાય છે કે શિક્ષણ એ સમાજની આંખો છે અને આંખો દ્વારા જ જોઈ શકાય છે નિરીક્ષણ કરી શકાય છે મૂલ્યાંકન કરી શકાય છે અને અન્ય બીજા લોકોને પણ માર્ગીકૃત કરી શકાય છે

શિક્ષણ આયોજિત અને ટકાવ વિકાસ માં મહત્વની ભૂમિકા ભજવે છે સમાજ માં સમય સંજોગો અને સામાજિક પરિસ્થિતિ સતત બદલાયા કરે છે આ બદલાતા પરીઘ સાથે વિકાસ સંબંધીત ખ્યાલો માં પણ પરિવર્તન આવે છે અલબત્ત આઝાદી સમયના વિકાસ સંબંધિત ચાલો સાંપ્રત સમયમાં બદલાવાની તક ઊભી થઈ છે કારણ કે તે સમયે વસ્તુનો દર મોંઘવારી ગરીબીનું પ્રમાણ અને વર્તમાન સમયમાં બંને વચ્ચે અંતર જોઈ શકાય છે તે સમયે માથાદીઠ આવક અને આજની માથાદીઠ આવકમાં અંતર જોઈ શકાય છે પ્રાચીન સમયમાં વિકાસનો જે ખ્યાલ જોવા મળતો હતો તે આજે અસ્તિત્વમાં નથી માનવ જીવનના તમામ ક્ષેત્રમાં હકારાત્મક અને ગુણાત્મક પરિવર્તન એટલે વિકાસ દાખલા તરીકે શિક્ષણ આરોગ્ય કૃષિ પશુપાલન ઉધોગ માનવ રોજગારીના ક્ષેત્રો ગ્રામીણ જીવનશૈલી સ્ત્રીઓ બાળકો અને વૃદ્ધોની સ્થિતિ આ બધામાં વિકાસક્રમ અને માનવીની જીવન સ્થિતિમાં જેવી કે સામાજિક આર્થિક શૈક્ષણિક તમામમાં પરિવર્તન સર્જાય ત્યારે ટકાવ વિકાસ થયો એમ કહેવાય ટકાવ વિકાસ એટલે રિસોર્સ ને રિવિઝન કરવા અલબત્ત પુનઃસ્થાપિત કરવા આવનારી પેઢીને વિકાસનું સાતત્ય જાળવવા માટે જોતરવી અને ભવિષ્યના લોકોને વિકાસ કરવામાં મદદરૂપ થાય એવા વિકાસને ટકાવ વિકાસ કે નિરંતર વિકાસ તરીકે ઓળખાવી શકાય વિકાસનું સાતત્ય

 ISSN: 2349-6002

જળવાય તો જ વિકાસનું ફળ મળે આમ આયોજિત વિકાસ ઈચ્છિત વિકાસ અને ટકાવ વિકાસની વાત ઉચ્ચ શિક્ષણની અંદર થયેલી છે અને તે અંગેનું લોકોને વિષય વાઇઝ શિક્ષણ આપીને ટકા વિકાસ કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાએ લીધી છે એટલે જ આવનારી પેઢીને વિકાસ સંબંધીત જ્ઞાન મળી રહે તે હેતુથી અધ્યયનના મુદ્દા તરીકે શિક્ષણ આપવામાં આવે છે અને ટકાવ વિકાસની સંકલ્પના પૂર્ણ થાય એ દિશામાં સઘન પ્રયત્ન કરવામાં આવે છે.

સામાજિક સમસ્યા ઘટાડવાના કે નિવારવાના માર્ગો પૂરા પાડવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માં સામાજિક સંશોધન દ્વારા હાથ ધરાય છે પૂર્વે સમાજમાં નિરીક્ષતાનું મહત્તમ પ્રમાણ હતું ત્યારે માનવી સામાજિક આર્થિક સાંસ્કૃતિક ધાર્મિક વ્યવસાયિક તમામ પ્રકારની સમસ્યાઓ ઈશ્વરની દેન છે તેવું માનતો હતો. ખાસ કરીને માનવ સમાજમાં સમસ્યાઓને પાપ પુણ્ય સાથે સરખાવતો હતો પાપ વધે જેના પરિપાક સ્વરૂપે અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ દુષ્કાળ ભૂકંપ વાવાઝોડું જેવી સમસ્યાઓ સર્જાય છે આવા અંધશ્રધ્ધા સંબંધીત ખ્યાલો લોક માનસમાં હતા પરંતુ માણસ શિક્ષણ મેળવીને ઉપરોક્ત તમામ સમસ્યાઓના પ્રમાણિક કારણો શોધતો થયો સાથે જ જે તે સમસ્યા ની બહુવિધ અસરો પણ તપાસ તો થયો તેવી જ રીતે જે તે સમસ્યા કેવી રીતે અટકાવી શકાય નિયંત્રિત કરી શકાય કે દૂર કરવા માટે શું કરી શકાય તે ઉપાયો પણ દર્શાવતો થયો ટૂંકમાં બદલાતા સમય સાથે સમસ્યાઓ નો પ્રકાર અને પ્રમાણ પણ બદલાતું ચાલ્યું અને તે દિશામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ સંશોધનો આંખ ધરીને માનવ સમાજને માહિતગાર કર્યો શું જે તે પરિસ્થિતિને અટકાવી નહીં શકાય કે દૂર નહીં કરી શકાય તો ભવિષ્યમાં આ ક્ષેત્રની આવી નવી સમસ્યાઓ સર્જાશે અને તેની માત્રા આવી હશે જેમ કે વર્તમાન સમયમાં આરોગ્ય વિશે સમસ્યા ભારતીય સમાજનો એક પેચીદો પ્રશ્ન બન્યો છે તે ઘટાડવા માં મેડિકલ સાયન્સ આર્યુવેદ અને સમાજમાં આરોગ્ય પ્રત્યેની સભાનતા ના નવા મૂલ્યો વિકસી રહ્યા છે તો જ સમાજના લોકોની સુખાકારી વધારી શકાશે ટૂંકમાં બદલાતા સમય સાથે નવી સામાજિક સમસ્યાઓનું સર્જન થાય છે તે સંદર્ભમાં પણ સામાજિક સંશોધનોથી સરકારને વાઇઝ પ્રેક્ટિસ ડાપણ ભરેલી સલાહ આપીને કાયદાનું ઘડવાનું કહીને ઇચ્છિત દિશામાં પરિવર્તન લાવવા માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થા મહત્વની કામગીરી કરી રહી છે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થા સમાજમાં સામાજિક એકતા લાવી સંવાદિતા સ્થાપવાનું અને જીવનની ગુણવત્તામાં વૃદ્ધિ કરવાની કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવે છે ઉચ્ચ શિક્ષણથી સમાજને રૂઢિગત પ્રથાને અને વ્યવસ્થાને તોડીને વર્ગવિહીન જ્ઞાતિ વિહીન માનવ સમાજની સ્થાપના કરવા માટેના પ્રમાણિક રસ્તા બતાવે છે સમાજમાં સામાજિક કોટિકમ આધારિત સ્તર રચના છે અને તેના કારણે સમાજમાં માનવી વચ્ચે આંતર વિરોધો છે શિક્ષણથી વ્યક્તિના આવા આંતર વિરોધો ઘટાડી શકાય છે વ્યક્તિમાં નૈતિકતા સામાજિક એકતા અને સદાચાર જેવા ગુણોની ખેલવણી કરીને માનવીને દેશ પ્રત્યે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થાય તેવી ભાવના ઊભી કરી શકાય છે આ શિક્ષણથી જ શક્ય બને છે શિક્ષણથી જ માનવીની ભેદભાવની વૃત્તિ ઘટે છે સામાજિક અસમાનતા ઘટે છે અને સામાજિક એકતા વધારી શકાય છે શિક્ષિત લોકો જ પ્રવાહી હોય છે જે જળ વલણની જગ્યાએ નવા વલણો નવા મૂલ્યો નો સ્વીકાર કરે છે લોક સમાજ સાથે સંવાદ સ્થાપે છે આઝાદી બાદ વધતી જતી વસ્તી ની પુરવઠા વિશે એક માંગને પહોંચી વળવા માટે ૧૯૬૦ બાદ ઔદ્યોગિક ક્રાંતિ અને 1968માં ભારતમાં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ અને કૃષિ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવીને માનવીને પુરવઠા વિશે જરૂરિયાત ને પહોંચી વળાયું સાથે જ શિક્ષણથી માનવીની લાઈફ સ્ટાઇલ પણ બદલાય છે માનવીના આર્થિક આયમો પણ બદલાયા છે ટૂંકમાં શિક્ષણથી જૂના ખ્યાલો તૂટે છે નવા ચાલો વિકસે છે અને સમાજમાં સામાજિક પરિવર્તન શક્ય બને છે વ્યક્તિની જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થા નવા સંશોધનોને વેગ આપે છે સાથે જ વર્તમાન પરિસ્થિતિથી માનવ સમાજને વાંકેફ કરે છે કોઇપણ માનવ સમાજનો વિકાસ શિક્ષણ ને આભારી છે કોઇપણ સમાજ વિશેની યથાર્થ વિશ્વસનીય અને હકીકતલક્ષી માહિતી સંશોધનથી મળે છે સંશોધનથી સમાજની પરિસ્થિતિ પ્રશ્નો સમસ્યાઓ તેની અસરો અને જે તે સમસ્યા નિવારણના ઉપાયો મેળવી શકાય છે સંશોધન એટલે ધૃતરાષ્ટ્રરૂપી સમાજમાં સંજય દષ્ટિ એટલે સંશોધન કોઇપણ સંશોધન નો પ્રથમ અને અંતિમ ધ્યેય માનવ સમાજને ઉપયોગી કે મદદરૂપ થવાનો હોય છે માનવી જે સુખ અને સમૃદ્ધિ અનુભવે છે તે સંશોધન ના કારણે શક્ય બન્યું છે અને શિક્ષણ માં પરિવર્તન પણ સંશોધન પર આધારિત છે અને જે તે વિષય નો વિકાસ પણ તે વિષય માં થતા સંશોધનો ને આભારી છે સંશોધન એ શિક્ષણ નું હાર્દ છે અલબત્ત પ્રાણ છે જ્યારે સંશોધન બંધ થશે ત્યારે શિક્ષણમાં અને જે તે શાખામાં અને વિષયમાં નવોન્મેષ નવું જ્ઞાન મળતું બંધ થશે એટલે વિષય ના વિકાસનું

 ISSN: 2349-6002

સાતત્ય બંધ થશે સંશોધન ના કારણે જ વિષયનું અસ્તિત્વ અને વિષયની માર્કેટ વેલ્યુ જળવાતી હોય છે આજે માનવ આરોગ્ય સંબંધી અનેક નવી સમસ્યાઓ સર્જાણે છે નવા રોગો ઉદ્દભવ્યા છે તે પાછળ માનવીના ખોરાકની પેટન બદલાણી છે સાથે જ પર્યાવરણીય સમતુલામાં વિક્ષેપ પડ્યો છે પ્રદૂષણોનું પ્રમાણ વધ્યું છે તેના પરિપાક સ્વરૂપે માનવ આરોગ્ય સંબંધિત નવી સમસ્યાઓનું સર્જન થયું છે નવા રોગો ઉજવાયા છે તે આરોગ્ય સંબંધિત સંશોધનના અંતે અને પર્યાવરણના સંશોધનના અંતે જાણવા મળ્યું છે ટૂંકમાં જે તે શહેર ના વિકાસ માં શું કરી શકાય જે તે શહેર ગામ માં કયા પ્રકારના પ્રશ્નો છે તેને કેવી રીતે દૂર કરી શકાય તેની વિઘાતક કેરી અસરો થાય છે તે સંશોધન થી જાણી શકાય છે અને છે ભાવિ કથન પણ કરી શકાય છે વર્તમાન પરિસ્થિતિથી વાકેફ શિક્ષણ દ્વારા લોકોને કરી શકાય છે અને ઉચ્ચ શિક્ષણ આ કાર્ય પોતાની નૈતિક જવાબદારી સમજીને કરી રહ્યું છે

આમ ઉપરોક્ત તમામ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થા પોતાની સામાજિક જવાબદારી સમજીને સંશોધનો નો વિશ્વ વ્યાપ વધારે છે નવું જ્ઞાન ઉત્પન્ન કરે છે અને શિક્ષણમાં નવા ખ્યાલો જનરેટ કરે છે અને વિદ્યાર્થીઓને તાલીમાર્થીઓને કે અભ્યાસુઓને વાકેફ કરે છે વર્તમાન સમયમાં સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ નું અમલીકરણ કરવામાં આવ્યું છે આ નવી શિક્ષણ નીતિ ઉચ્ચ શિક્ષણમાં કયા પ્રકારનું સંશોધન અને શિક્ષણ માનવ જગતને આપશે જેથી ભવિષ્ય ની સમસ્યાઓ ને સમજી શકાય અને ટકાવ વિકાસ સંબંધીત ખ્યાલો ઊભા કરી શકાય.

નવી શિક્ષણ નીતિ સંશોધન અને શિક્ષણ

1. નવા આરોગ્ય સંબંધીત સંશોધન અને શિક્ષણ

હવે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ આરોગ્ય સંબંધી નવા નવા સંશોધનો હાથ ધરવા પડશે કારણ કે પ્રવર્તમાન સમયમાં માનવ સમાજમાં રોગોની પેટન માં આમૂલ પરિવર્તન આવ્યું છે અલબત્ત નવા નવા રોગો ઉત્પન્ન થતા જાય છે અને તેનાથી માનવ આરોગ્ય જોખમાયુ છે માટે તબીબી વિજ્ઞાને માનવ આરોગ્ય સંબંધિત સંશોધનનું વિશ્વ વ્યાપ વધારવું પડશે નવા રોગો ના નવા વાયરસો શોધવા પડશે? નવી મેડિસિન ઉભી કરવી પડશે અને નવા ઊભા થયેલા રોગોને કેવી રીતે દૂર કરી શકાય તે અંગેનું જ્ઞાન આપવું પડશે ટૂંકમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ માનવ સમાજને નવી શિક્ષણ નીતિમાં માનવ આરોગ્ય સંબંધીત રોગોમાં આવેલા ફેરફારો અને તે સંબંધીત માનવીઓએ પોતાના તરફથી કેવા પ્રયત્ન કરી શકાય તે અંગે ની સાવચેતી શિક્ષણ દ્વારા આપવી પડશે જેથી માનવ સમાજ માહિતગાર બની શકે નવા રોગ સંબંધી જ્ઞાન મેળવી શકે અને પોતાના તરફથી શક્ય તેટલા પ્રયત્ન કરી શકે

2. નવું પ્રાકૃતિક ખેતી સંબંધી સંશોધન અને શિક્ષણ

પ્રવર્તમાન સમયમાં માનવ આરોગ્ય જોખમાયુ છે તેના ઘણા બધા કારણો છે આ કારણો પૈકી એક કારણો કૃષિમાં પાક ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવતું રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા નો કેપ ઉત્પાદિત વસ્તુ માં જોઈ શકાય છે અને કેટલા રોગો ના સિમટમોમાં રાસાયણિક ખાતર કે જંતુનાશક દવા નો પ્રભાવ જોઈ શકાય છે તેવી જ રીતે ઉધોગીકરણના કારણે તેનો પ્રવાહી કચરો નજીકની નદીઓમાં ફાલવવામાં આવે છે જે જળનો ઉપયોગ કૃષિમાં થાય છે તેના કારણે પણ ઉત્પાદિત શાકભાજી અને અનાજમાં પ્રદૂષિત અને કેમિકલ નો પ્રભાવ જોઈ શકાય છે એટલે તબીબી વિજ્ઞાનના સંશોધનોમાં જાણવા મળ્યું છે કે જો આ રીતે જ કૃષિમાં રાસાયણિક ખાતરો અને કેમિકલ યુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ થતો રહેશે તો માનવ આરોગ્ય સામે ખતરો સાબિત થશે ગુજરાતના ગાંધીનગર નજીક એક ગામમાં ઘર દીઠ કેન્સરનો દર્દી જોવા મળે છે તે દર્શાવે છે કે વધુ પડતા કેમિકલ નો ખેતીમાં ઉપયોગ કરવાથી માનવ આરોગ્ય જોખમાયુ છે જે દર્શાવે છે કે પ્રાકૃતિક ખેતી તરફ અનિવાર્યપણે વળવું પડશે અન્યથા માનવ આરોગ્ય જોખમમાં છે રોગોની પેટર્ન માં વધારો થશે શિક્ષણ દ્વારા માનવ સમાજને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું સૂચન આપવામાં આવે છે અને પ્રાકૃતિક ખેતી માનવ આરોગ્યની સુખાકારી કેવી રીતે વધારી શકે તે સંબંધિત સંશોધનના અંતે નવું જ્ઞાન મળે છે તેમજ પ્રાકૃતિક ખેતી થી ઉત્પાદિત વસ્તુ નો જો વપરાશ કરવામાં આવશે તો માનવ આરોગ્યની સુખાકારી વધારી શકાશે તેવું શિક્ષણ સાંપ્રત સમયમાં નવી શિક્ષણનીતિથી માનવ સમાજને આપવામાં આવે છે

3. નવું પર્યાવરણ સંબંધિત સંશોધન અને શિક્ષણ

પર્યાવરણ સંબંધી શિક્ષણ વર્તમાન સમયમાં શિક્ષણની ત્રણેય શાખામાં અને દરેક શાખા ના બધા જ વિષયમાં આપવામાં આવે છે વિશ્વના દેશો સાંપ્રત સમયમાં બદલાયેલા પર્યાવરણથી ચિંતિત છે સાથે જ પૃથ્વી પરિષદ મળે છે ત્યારે બગડેલા પર્યાવરણને કેવી રીતે દૂર કરી શકાય તેના પ્રમાણિક માર્ગો શોધાય છે સાથે જ માનવ આરોગ્ય

 ISSN: 2349-6002

જોખમાયુ તેનું એક કારણ પર્યાવરણ ની સમતુલામાં વિક્ષેપ અને પ્રદૂષણ ની વસ્તી માત્રા છે

4. નવું ટકા વિકાસ સંબંધીત સંશોધન અને શિક્ષણ
ઉચ્ચ શિક્ષણ સંસ્થા જે તે વિશે સંબંધીત સતત સંશોધન માં કાર્યરત હોય છે અને ટકા વિકાસ નિરંતર વિકાસ કે આવનારી પેઢીમાં ઉપયોગી થાય તે પુનઃસ્થાપિત થાય તે સંબંધિત વિકાસ સંબંધિત સંશોધન સતત શરૂ રહે અને આવા ટકા વિકાસ સંબંધીત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીને જ્ઞાનાભીમુખ કરવામાં આવે તેથી રિસોર્સ નું પુનઃસ્થાપન થાય આવનારી પેઢી રિસર્ચ પ્રત્યે ઇન્ટરકો ઓપરેટિવ રહે તેથી શિક્ષણ સંસ્થામાં ટકા વિકાસ સંબંધીત શિક્ષણ આપવું જરૂરી છે.

5 નવું ટકાવ સમાજ વ્યવસ્થા સંબંધી સંશોધન અને શિક્ષણ
પ્રવર્તમાન સમયમાં શહેરીકરણ આધુનિકરણ પશ્ચિમીકરણ અને શિક્ષણના કારણે માનવ મૂલ્યમાં આમૂલ પરિવર્તન આવ્યું છે તેથી માનવ સમાજમાં પાયાની સંસ્થા અને તેના સભ્યો વચ્ચે આંતરક્રિયા અને આંતર સંબંધો તૂટતા ચાલ્યા છે એટલે વ્યક્તિ એકાંગી બનતો જાય છે અને સામાજિક સંબંધોનું અવચિત્ય વ્યક્તિમાં ભુલાતું અને ભુસાતું જાય છે સાથે જ જરૂરિયાતના સંબંધો જનરેટ થઈ રહ્યા છે તેથી સમાજ વ્યવસ્થા ના સાતત્યમાં સામાજિક સંબંધો મજબૂત અને કાયમી હોવા જરૂરી છે સાંપ્રત સમયમાં યંત્ર ટેકનોલોજી ના કારણે માનવી યંત્રવત થતો જાય છે જેથી સમાજ વ્યવસ્થામાં કાર્યાત્મક વ્યવસ્થા તૂટતી જાય છે આ તૂટતી સમાજ વ્યવસ્થા અને તેના અંગો સંબંધીત શિક્ષણ સંસ્થામાં સમાજશાસ્ત્રમાં તેના કારણો સંબંધિત સંશોધન થવા જોઈએ અને જો આ રીતે સમાજ વ્યવસ્થા તૂટી જશે તો ભવિષ્યમાં કયા પ્રકારની સ્થિતિનું નિર્માણ થશે તે સંશોધન કરીને ભવિષ્યકથનો કરી શકાશે અને સમાજ વ્યવસ્થા ના સાતત્ય માટે માનવીની કો-ઓપરેટીવતા અને માનવ મૂલ્યો અતિ જરૂરી હોય છે જે નવી પેઢીના સભ્યોને સમજાવીને આંતર પેઢી એ સંઘર્ષ અટકાવીને સમાજ વ્યવસ્થા નો પુનઃસ્થાપન કરી શકાશે આ સંબંધીત વાસ્તવિક સ્થિતિ નું જ્ઞાન કે શિક્ષણ શિક્ષણ સંસ્થા દ્વારા આપીને જો સંબંધો તૂટશે તો વ્યવસ્થાનું સાતત્ય અટકશે અને સમાજ જ વ્યવસ્થા નેશ નાબુદ થશે ટૂંકમાં સમાજની યથાર્થ અને વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન નવી શિક્ષણનીતિ થી વિદ્યાર્થીને આપવું જરૂરી બને છે સાથે જ સમાજના ટકાવમાં જે મૂલ્યો નો અહીંમ ફાળો હોય છે એવા મૂલ્યોની ખેલવણી કરવી જોઈએ સાથે જ બદલાતા સમયના પરિઘ વચ્ચે માનવ સંબંધો માનવીની આંતરક્રિયા ઓછી થતી જાય છે જેના કારણે સમાજ વ્યવસ્થા ભયમાં મુકાય છે માનવ સંબંધોનું અને માનવ મૂલ્યોનું જ્ઞાન સાંપ્રત સમાજના સભ્યોને અને નવી પેઢીના સભ્યોને જો જ્ઞાન આપવામાં આવે કે શિક્ષણ આપવામાં આવે તો જ સ્થાયી સમાજ નું નિર્માણ કરી શકાશે માટે સમાજના અસ્તિત્વ માટે આવા મૂલ્યોનું શિક્ષણ જરૂરી છે જે નવી શિક્ષણનીતિમાં આપવામાં આવે તો સમાજના ભયસ્થાનો અટકાવી શકાશે.

6 નવી સામાજિક સમસ્યાઓ સંબંધિત સંશોધન નવી સમસ્યાઓ ના માર્ગ સબંધિત ઉપાયો નું શિક્ષણ
બદલાતા સમયના પરીક્ષા સાથે સમાજમાં નવી નવી સમસ્યાઓ જોઇ શકાય છે ખાસ કરીને સમાજમાં કૌટુંબિક લગ્ન સંબંધી આંતર પેઢીયમ સ્ત્રીઓની યુવાનોની વૃદ્ધોની ધાર્મિક વ્યવસાયિક તેમજ માનવ સમાજ સંબંધીત નવી સમસ્યાઓ ઉત્પન્ન થતી જાય છે આ સમસ્યાઓ સર્જાવા પાછળના વાસ્તવિક કારણો સંશોધન દ્વારા જો જાણવામાં આવે તો તે સમસ્યાનો માર્ગ શોધી શકાય તેવી જ રીતે તે સમસ્યા ની અસર નું પ્રમાણ જાણીને તે સમસ્યા ના નિવારણના કે ઉકેલના માર્ગ સંશોધન દ્વારા જાણીને તેનું શિક્ષણ નવી શિક્ષણનીતિમાં જો આપવામાં આવે તો સમસ્યાની તીવ્રતા ઘટાડી શકાય અને સમાજને જે તે સમસ્યા સંબંધીત સમજ પૂરી પાડીને એલર્ટ કરી શકાય ટૂંકમાં નવી શિક્ષણનીતિમાં આ બાબત શિક્ષણમાં મૂકવી જરૂરી છે.

## શિક્ષણ અને સામાજિક પરિવર્તન

શિક્ષણ સમાજમાં પરિવર્તન માટેનું મહત્વનું સાધન છે શિક્ષણથી સમાજમાં ખોટા ખ્યાલો દૂર થાય છે શિક્ષણથી વ્યક્તિ વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરતો થાય છે શિક્ષણના કારણે વ્યક્તિની સામાજિક ઓળખ શિક્ષિત વ્યક્તિ તરીકે થાય છે શિક્ષણથી વ્યક્તિ નોલેજેબલ સોસાયટી નો હિસ્સો બને છે શિક્ષણના કારણે વ્યક્તિ માં અંધશ્રદ્ધા નું પ્રમાણ ઘટશે વ્યક્તિ પોતાની જીવન સ્થિતિ સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહેશે સાથે જ શિક્ષણના કારણે વ્યક્તિ માં અપરાધનું પ્રમાણ ઘટશે શિક્ષણથી પોતાના જીવનને અસર કરનારી ખોટી પ્રથાઓ ખોટા રિવાજો કે કુરિવાજો માંથી મુક્ત થશે અને પોતાની જીવન સ્થિતિ ની દિશામાં પરિવર્તન લાવવા માટે કોશિશ કરતો થશે પોતાના જીવનની સમસ્યાઓ દૂર કરવા માટે પ્રયત્ન કરશે શિક્ષણ

 ISSN: 2349-6002

વ્યક્તિમાં જ્ઞાન આપે છે જેથી પોતાની જે જીવન સ્થિતિ છે તેમાંથી બહાર નીકળીને એક વિકસિત એક્ટિવ વ્યક્તિ તરીકે બહાર આવશે શિક્ષણથી વ્યક્તિમાં જાગૃતિનું પ્રમાણ વધશે અને બદલાયેલા સમય સાથે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવવા માટે પરિવર્તનના ખ્યાલને સ્વીકારશે અને શિક્ષિત વ્યક્તિ હંમેશા પરિવર્તનશીલ હોય છે શિક્ષણથી વ્યક્તિ ની જીવનશૈલી બદલાય છે આર્થિક કાયમ બદલાય છે પહેરવેશ બદલાય છે ભાષા બદલાય છે જુના ચાલો તૂટે છે નવા ચાલો વિકસે છે વ્યક્તિની સાધનાત્મક અને ધોરણનાત્મક વ્યવસ્થામાં પરિવર્તન આવે છે વ્યક્તિની વિચારસરણી માં રહેણીકરણી માં પરિવર્તન આવે છે બદલાતા સમય સાથે પોતાની કાર્ય વ્યવસ્થા બદલવી પડશે તેઓ ખ્યાલ શિક્ષણથી આવે છે અને માનવ જીવનમાં શિક્ષણથી પરિવર્તન નું સર્જન થાય છે જે માનવ સમૂહમાં કે સમુદાયમાં જેટલું શિક્ષણ વહેલા પહોંચ્યું તેટલું પરિવર્તન વહેલું અને વધારે આવ્યું આમ માનવ સમાજમાં શિક્ષણ સામાજિક પરિવર્તનનો મહત્વનો એક માધ્યમ હતું છે અને ભવિષ્યમાં પણ રહેશે શિક્ષણથી આર્થિક પરિવર્તન.

શિક્ષણના કારણે માનવી નાં જીવનમાં વ્યવસાયિક પરિવર્તન આવ્યું છે શિક્ષણથી વ્યક્તિ પરંપરાગત વ્યવસાય છોડીને નવા વધુ નફો આપતા વ્યવસાયો અપનાવતો થયો છે શિક્ષણથી વ્યક્તિ સ્થળાંતરિત થયો છે ગ્રામીણ સમુદાયમાંથી નગર સમુદાય તરફ અથવા તો જ્યાં રોજગારની વિપુલ તકો છે તેવા પ્લેસો તરફ વ્યક્તિ જતો થયો છે આમ વ્યવસાયિક રચનામાં આમૂલ પરિવર્તન આવ્યું છે વ્યક્તિ નગર સમુદાયમાં પોતાના રસના ક્ષેત્ર માં વ્યવસાય કરતો થયો છે ખાસ કરીને શિક્ષણથી વ્યક્તિ પોતે રોકેલી મૂડી ઉત્પાદિત વસ્તુમાં ખર્ચ અને નફાનું મૂલ્યાંકન કરતો થયો છે અને જેમ જેમ પોતે જે વ્યવસાય કરે છે તેનું જ્ઞાન વધતું ચાલે છે તેમ તેમ નફાનું પ્રમાણ પણ વધતું જાય છે અને શહેરની અંદર પ્રશિષ્ટ ઉધોગપતિ નોકરીયાત રાજકીય નેતા જેવા સ્થાન પ્રાપ્ત કરતો થયો છે ટૂંકમાં વર્તમાન સમયમાં આજની પેઢી જે વ્યવસાય કરે છે તે જ વ્યવસાય આવનારી પેઢી કરશે તેવું કહી શકાય નહીં કે પરંપરાગત વ્યવસાય છોડીને નવા વધુ નફો આપતા વ્યવસાય તરફ શિક્ષણના કારણે લોકો વળતા થયા છે અને તેના કારણે માનવીની આર્થિક સ્થિતિમાં આમુલ પરિવર્તન આવ્યું છે .

આમ સમાજમાં શિક્ષણ અને સમાજ વ્યવસ્થા એકબીજા સાથે આંતરિક રીતે જોડાયેલા છે સમાજની માંગ મુજબ શિક્ષણ વ્યવસ્થા બદલાય છે અલબત્ત નવી શિક્ષણનીતિ આવે છે જે સમયની માંગ પ્રમાણે ફેરફાર થયા કરે છે અને શિક્ષણ દ્વારા માનવીને લાયકાત મળે છે અને સમાજમાં ખાલી સ્થાનો માટે લાયક વ્યક્તિઓ પૂરા પાડવાનું મહત્વનું કામ શિક્ષણ સંસ્થા ને આભારી છે અને સાથે જ શિક્ષણ સંસ્થા અને સામાજિક પરિવર્તન ને પણ મહત્વનો સંબંધ જોઈ શકાય છે સમાજની ઇચ્છિત દિશામાં પરિવર્તન શિક્ષણના કારણે શક્ય બનશે સામાજિક સમસ્યાઓ પણ શિક્ષણ અને સંશોધન દ્વારા અટકાવી કે દૂર કરી શકાશે તેવી જ રીતે સમાજમાં ઇચ્છિત દિશામાં પરિવર્તન માટે પણ સંશોધન જરૂરી બને છે જેના દ્વારા જે તે દિશામાં પરિવર્તન લાવવા માટે સૂચનો કે માર્ગદર્શન મળી રહે છે આમ શિક્ષણ અને સમાજ એ આંતરિક રીતે કોઇપણ સમાજમાં જોડાયેલા છે અને સામાજિક પરિવર્તન માટે શિક્ષણની હંમેશા મહત્વની ભૂમિકા રહી છે અને રહેશે.

<u>સંદર્ભ સાહિત્ય</u>

1 શાહ બુદ્ધીચંદ્ર વી શિક્ષણનું સમાજશાસ્ત્ર યુનિવર્સિટી ગંથ નિર્માણ બોર્ડ અમદાવાદ 2013

2.ડો. નાનક ભટ્ટ શિક્ષણની મહાસાળા પ્રવીણ પ્રકાશન રાજકોટ 2025

3. डॉ राजेंद्र व मोरी वर्तमान सामाजिक समस्याएं पैराडाइज पब्लिशर्स जयपुर 2014

4 પ્રા. જે કે દવે સમાજશાસ્ત્ર લિબર્ટી પબ્લીકેશન 2008

5. ડો. એચ એલ ચાવડા ભારતનો ગ્રામીણ સમાજ પેરેડાઇઝ પબ્લિકર્સ જયપુર 2015